
स्त्रि मनरंजन गरबावळी.

જુના ગ્રંથો

ઉપરથી—છપાવી પ્રસિદ્ધ કરનાર.

शा. कीलाभाइ दलपतराम.



अमदावाद मध्ये.

"અમદાવાદ સમાચાર" પ્રેસમાં શા. કીલા
ભાઇ [illegible]મે છાપ્યું.

આવૃતિ ૨ [illegible] પ્રત. ૪૦૦૦
પ્રયાસ ૨ જો સને ૧૮૯૦.

કિંમત ૦—૩—૦

४१४९

डाकोरना रणछोडजी महाराजनो
॥ ॥ ॥ गरबो ॥ ॥ ॥

"અલબેલીરે અંબે માત, જોવ ને જઈએ." એ રાગ.

છોગાળા છબીલા છેલ, રણછોડ રંગીલા;
કરી બોડાણાપર મેહેર, હો મોરલીવાળા. ટેક.

અકળકળા અલબેલા તારી, પાર ન પામે શેશરે;
વેદ વીસારી વીસ્મે પામ્યા, સમજ્યા નહી લેશ. રણછોડ. ૧
મહા મોટમ મહારાજ તમારી, મુખથી કેમ કહેવાયરે;
સમુદ્રમાંથી ચાંચ ભરે જેમ, પક્ષીની તરૂષા જાય. રણછોડ. ૨
મંદગતી મહારાજ મારી, મલીન તારૂ મનરે,
શરણે રાખો શામળીઆ, મને જાણી તમારો જંન. રણછોડ. ૩
દ્વારકાના વાશી રાય, રણછોડ તમારૂં નામરે;
ઘણી દયા ગુજરાત ઊપર કરી, આવ્યા ડાકોર ગામ. રણછોડ. ૪
બોડાણાની ભક્તિ ભાળી, ઈશ્વરજી ભલી તમનેરે;
અકળકળીયા ધરણીધર, દુલભછો આગમ નીગમ. રણછોડ. ૫
ધન બોડાણા ધીરજ તારી, ધન ધન તારી માતરે;
પાતળીયો પોતાના કીધા, હેતે લીધા હાથ. રણછોડ. ૬
શીતેર વરશે શેવા કરીને, શામળીઓ સમજાવ્યારે;
ડાકોરથી તો દ્વારકાં માહે, વરશે બે ત્રણ ફેરી આવ્યા. રણછોડ. ૭
કરમાં તુળશી ચાલીને, જઈ ચતરભુજને ચડાવીરે;
પ્રભુજી તો પ્રસન થયાને, દીલમાં દયા આવી. રણછોડ. ૮
અલબેલો બોલ્યા એમ, મુખથી બોડાણાની સાથેરે;

એકાંતે આવીને કહ્યું, તે કોઇ ન જાણે વાત. રણછોડ. ૯
ઘણા દીવસ તેં મારે કાજે, મોટું કષ્ટજ કીધુંરે;
વપુ તારૂં વૃધ થયું, તે જોઇ મારૂં મન બીધું. રણછોડ. ૧૦
તે માટે હું તારી સાથે, આવું તારે ગામરે;
તારે ચરણે નથી ચલાતું, તે માટે તજવું ધામ. રણછોડ.૧૧
કહ્યું મારૂં માની કાલે, જા તું ડાકોર ગામરે;
વેહેલ લાવ તું વાત ન ફુટે, મનમાં રાખી હામ રણછોડ.૧૨
બોડાણો કહે બાપજી, હું વેહેલ ક્યાંથી લાવુંરે;
મારે ઘેર તો નથી મહારાજ, કેમ કરીને આવું. રણછોડ.૧૩
મોહનજી કહે માગી લાવો, જેવી તેવી વેહેલરે;
જાત જોવાનું કામ નથી, બે જોડી લાવો બેલ. રણછોડ. ૧૪
બોડાણાને વચનજ આપી, વિદાય કીધો વળતીરે;
વનમાળી કહે તારે મારે, વાત આવી છે મળતી. રણછોડ.૧૫
વારૂ કહીને વીઠલજીને, ચરણે પડ્યો કરજોડરે;
લજ્જા મારી લટકાળા તમો રાખજો શ્રી રણછોડ. રણછોડ. ૧૬
અતી આતુરતા અંગમાં, ને આવ્યો ડાકોર ગામરે;
પડોશીને પેરે કહી, મારે તમ સરખું છે કામ. રણછોડ. ૧૭
ઉપકાર માનું તમ તણો જો, આપો બળદને વેહેલરે;
જાવું દ્વારકાં છેલો ફેરો, તીકમજીની ટેલ. રણછોડ. ૧૮
પુરવાસી પાડોશી કહે ભાઇ, જેવી તેવી મળશેરે;
જેમ તેમ કરીને જોડી, ભઇ ભાગ્ય તારૂં ફળશે રણછોડ. ૧૯
એવું સાંભળી ઉઠ્યો પોતે, વારૂ કહી વેહેલ જોડીરે;
વેલા કરતાં વનમાળીના, મંદર પાછળ છોડી. રણછોડ. ૨૦

ગુગળી સઉકો હસવા લાગ્યા, કઉતક સરખી વાતરે;
બોડાણો તો આણે આવ્યા, લેઇ જવાને નાથ. રણછોડ. ૨૧
વેહેલને બે બળદ જોતાં, હશે છે મુખ મોડરે;
અરે ભાઈ ભુતળમાં ના મળે, આવી બીજી જોડ.રણછોડ. ૨૨
બોડાણો કહે હસો ભાઈઓ, હસવા સરખી વાતરે;
ઈસ્વર ઈચ્છા કોઇ ના જાણે, કેવું થશે પ્રભાત. રણછોડ. ૨૩
સંધ્યા થઈને શેન કરાવ્યું, રણછોડજીને રંગ ભેરરે;
અડધી રાતે ઉઠયા પોતે, પ્રિતમે કરી પેર. રણછોડ. ૨૪
તાળાં તોડયાં ભુંગળ ભાગી, આવ્યા મંદીર બાહારરે;
બોડાણાની પાસે આવી, પ્રેમે કરયો પોકાર. રણછોડ. ૨૫
જાગ જાગ તું ઝટપટ કરીને, વીઠલ કેહે વેહેલ જોડરે;
બોડાણો ઝબકીને જાગ્યો, દીઠા શ્રી રણછોડ. રણછોડ. ૨૬
ગદ ગદ કંઠે ગળાગળું બોલે, થરથર ધ્રુજે અંગરે;
ગોવીંદજી હવે શી ગત થાશે, તમો રાખજો રંગ. રણછોડ. ૨૭
બળદ તો બેસે ને ઉઠે, ચાલે નહીં લગારરે;
પ્રાતસમે તો પકડશે મુને, મારશે બહુ માર. રણછોડ. ૨૮
જગજીવન કહે જેમ તેમ કરી તું, ઝાંપા સુધી કહાડરે;
હાંકીશ હું પછી હેત કરીને, માનીશ તારો પાડ. રણછોડ. ૨૯
જેમ તેમ કરતાં ઝાંપા સુધી, પાછલી રાતે પોચ્યારે;
રાશ પરોણો પોતે લીધો, બોડાણો માંહે સુતા. રણછોડ. ૩૦
વેગે વેહેલ ઉડાડી પોતે, અંત્રીક્ષથી અલબેલેરે;
ઊમરેઠને ડાકોરની વચ્ચે, આણીને તે મેલે. રણછોડ. ૩૧
બોડાણાને કહે જગજીવન, જાગી જોને વાટરે;

પ્રાત થયો ઊઠ આળસ મેલી, જો આવ્યો કાંઈ ઘાટ. રણછોડ. ૩૨
આંખ ઉઘાડી ઊંચુ જોયું, બોડાણે તેણીવારરે;
શામળીયા સીમાડો મારા, ગામ તણો નીરખાર. રણછોડ. ૩૩
અલબેલા ઉતરીયા હેઠે, લીંબ તળે લટકાળોરે;
વસરામ કીધો વાલાજીએ, થંભીને થાક ટાળો. રણછોડ. ૩૪
લીંબડાનું લટકાળા તમે, એક ડાળ કીધું મીઠું રે,
કર અડકાડી કડવાસ કહાડી, તે સઊએ નજરે દીઠું રણ. ૩૫
પાતળીએ ત્યાં પગલાં પાડકાં, પોતાનાં સાક્ષાતરે;
અદ્યાપી એધાંણી તેની સરવે જાણે વાત. રણછોડ. ૩૬
એમ કહી અલબેલો આવ્યા. દડબડ ડાકોર ગામરે;
બોડાણા પ્રત્યે એમજ બોલ્યા, મને સંતાવાને કર હામ. રણ૦ ૩૭
ધસમસ કરતા ધાઇ આવશે, ગુગળીઓ ઘરવાળારે;
શામળીયો કહે મુજને સંતાડી, તું ઝાલી બેશને માળા. રણ૦ ૩૮
ગોમતીમાં ગોવંદજી પેઠા, વાવ્યમાં વનમાળી રે;
ગાઓ દેતા ગુગળી આવ્યા, થોડે દીવસે ચાલી. રણછોડ. ૪૦
બોડાણાને બાંધી લાવો, ગુગળી એમજ બોલ્યારે;
બોડાણો ગોરસ લેઈ મળવા, ગયા સહુના પેહેલા. રણછોડ ૪૧
આવતામાં આંખ ચડાવી, ગુગળીએ વીકરાળરે;
ચોર તું કેમ ચોરી લાવ્યો, ભુધરજી ભુપાળ. રણછોડ. ૪૨
બોલ બોલ કહી બરછી મારી, મુરછાંગત તે પડીયોરે;
ખંગાકાર કરી અલબેલો, હજીએ દીસે ખોડો. રણછોડ ૪૩
ગોમતીમાં રૂધીર થયું, તે જાહેર જગ મોજારરે;
આ એંધાણે અલબેલાજી, સોધી કાઢયા નીર બાહાર. રણ. ૪૪

એ વચનો ત્યાં બળવંત બોલ્યા, હું હવે નહી ભા આવુ રે;
મુજ બરાબર સોનું લેઈને, કરો તમે મન ભાવ્યું. રણ. ૪૫
લાલચમાં લપટાયા સરવે, લોભમાં લેવાયા રે;
સરકાર સરવે પંચ મળીને, તાંસ તીરે લાવ્યા રે. રણછોડ. ૪૬
સામાસામી લખ્યું લઈને બોડાણો એમ બોલ્યો રે;
એકાંતે અલબેલા સાથે, પ્રીતે પડદો ખોલ્યો. રણછોડ. ૪૭
મહારાજા મુજ પાસ નથી, વાલ કેરી વીંટી રે;
સોનું જોઈએ શામ બરાબર, ચીતમાં ચીંતા પેઠી. રણછોડ. ૪૮
ગોવીંદજી કહે ઘેર જઈને, ગંગાબાઈને પુછો રે,
સવા વાલની વાળીછે, લાવો કયાં તમે મુંજો રણછોડ. ૪૯
ઘેર આવીને ગંગાબાઈને, વાત કહી વીસ્તારી રે
વાળી લઇ વનમાળી તેડે ગોવીંદની ગત્ય ન્યારી. રણછોડ. ૫૦
તરત લઇને તીરે આવ્યા, વાળી રાખી પાસ રે;
લજ્જા રાખજો લટકાળા, હું ચરણ કમળની દાસ. રણ. ૫૧
વડની ડાળે ત્રાસ બાંધ્યાં, ત્રીકમજીને તોળા રે;
વાળી નમીને વાલમ કસ્યા, પછી જે જે સૌકો બોલ્યા ર૦૫૨
ઝાંખા થઈને જગજીવનને, ગુગળી ગાળો દે છે રે;
કાળા તુજમાં કપટ ભરયું છે, જુઠ ઝાઝેર રહે છે. રણછોડ.૫૩
બળપણે તેં મામો મારયો, મથુરાં નગરી માંય રે;
આજ લગી અમને અથડાયા, હવે જઇએ કયાંય. રણછોડ.૫૪
પ્રભુ કહે પાછા ફરો, જાઓ દ્વારકાં મોજાર રે;
સ્વરૂપ મારૂં સેવંત્રીમાં છે, તે કહાડજો બાહાર. રણછોડ. ૫૫
નીરાશ થઇ નીસાસો મુકી, ગુગળી ઘેર પધાર્યા રે;

સેવંત્રીમાં જઈને જોયુ, પ્રભુ ત્યાંતો સધારયા. રણુછોડ. ૫૬
સંવત બારને બારમાં, પ્રભુ બાકી કશી ન રાખીરે;
દયા કરી ડાકોરમાં આવ્યા, તે સરવે પુરે સાખી.રણુછોડ.૫૭
વરસ પાંચસે અગનોતરા સુધી, અલબેલે એમ કીધુંરે;
ત્યાં લગી તો ગોમતી તીરે, સઉને દરશન દીધું. રણુછોડ.૫૮
અભેસંગ એક રાજા આવ્યો, મારવાડથી મોટોરે;
પીલાજી શું પરપંચજ કીધો, મનમાં મેલ છે ખોટો. રણુ.૫૯
તેણે મન માન્યું મોહનજીનું, મંદીર તો આદરવુંરે;
જગજીવનને જોગ મેળવવો, પરમેસ્વરનું કરવું. રણુ. ૬૦
કારજ કીધું જાણી વજીર, રતનસીંગને તેડેરે;
મોહનજીનું મંદીર મોટું, કર તું દીવસ થોડે. રણુછોડ. ૬૧
મંદીર કરીને મહારાજાને, પધરાવ્યા ત્યાંથી પ્રીતેરે,
સંવત સતરે એકાશીમાં, રંગીલો રંગ રીત. રણુછોડ.૬૨
માણુકઠારીએ મેળો કીધો, મોહનને મન ભાવેરે;
વઈભવ વાજીત્ર લેઈ, સરવે સમાજે આવે. રણુછોડ. ૬૩
મોટું મહાતમ જાણીને, જન સરવે દરશણુ આવેરે;
ભેટ સામગ્રી શણુગાર સારા, શામળીયાને લાવે. રણુછોડ. ૬૪
મેળો મહાભારત થયો, તે મંદીરમાં ન માયરે;
જીગજીવનને જોવાને તો, જન ઘણા ત્યાં જાય. રણુછોડ. ૬૫
ત્યારે મહારાજે મનસુબો કીધો, મંદીર મોટું કીજેરે;
ઊંચે આશને અમો બેશીને, દરશન સઉને દીજે. રણુછોડ.૬૬
ત્રાંબેકરને તરત કહ્યું, તે ક્ષણુ ન લાગી વારરે;
ડાકોર મધે દોડી આવ્યો, પુનાનો રહેનાર. રણુછોડ.૬૭

આવીને અલબેલા કેરૂં, આરંભ્યુ મંદીરરે;
સલાટ સારા સોકી કહે છે, વેગે કરજો વીર. રણછોડ. ૬૮
કાગ કરતાં કસર ન કરશો, પઇસો પુરો પાડુરે;
ધન્ય તો ધરણીધરનું સરવે, શ્યામ મુસ્ત ગાડું. રણછોડ. ૬૯
પાયામાં તો પથર પુર્યા, સિસું ઢાળું સારરે;
મોહનજીનું મંદીર કીધું, શોભાનો નહીં પાર. રણછોડ. ૭૦
મહારાજનું મંદીર થયું, ત્રીજે વરસે તઇયારરે;
પ્રભુજીને પધરાવા તણો, કીધો છે નીરધાર. રણછોડ. ૭૧
સરવ મળીને શામળીયાની, પાસે આવ્યા પ્રીતેરે,
મહુરત જોવા મોટા જોશી, તેડાવ્યા રંગ રીતે. રણછોડ. ૭૨
મહુરત જોઇ જોશી કહે છે, મંદીરમાં પધરાવોરે,
મોટું મહુરત આજ દહાડો, ફરી ન આવે આવે રણ૦ ૭૩
અલબેલોને ઊચકે પણ, ખસે નહીં તલ માત્રરે;
વિચારી સહુ વિસ્મે પામા, ગળીયાં સહુનાં ગાત્ર. રણ૦ ૭૪
શું થશે સામળીયા મોટું, મંદિર મિથ્યા થાશેરે;
તાંબેકર કહે ટેક રાખજો, લજ્જા મારી જાશે. રણ૦ ૭૫
પુન્ય દાન બહુ પેરે કીધાં, પાતળીઓ પધરાવારે;
તોએ પણ મોહન ન માને, મોટે મંદિર બનવા રણ૦ ૭૬
સાંજ પડીને સહુ કોઈ થાકયા, કાંઇ ન સુજે વાતરે;
આલબેલાને એમ ગમ્યુ કહી, હેઠા પડીયા હાથ. રણ૦ ૭૭
પ્રભુએ પેહેરો પુરવાશી, કોઈ બોલ્યો આવી રાતરે;
જુગજીવનને જોઇએ ભાઇયો, બોડાણાની જાત. રણ૦ ૭૮
તેના કુળમાં કોઇ હોય તો, અલબેલોજી ઉઠેરે;

બાળ કરાને બજાર મગવે, તો ત્રીકમજી તરૂઠે. રણુ૦ ૭૯
શોધ કરીને શોધી કાહાડયો ફુળ મધેનો કોઇરે;
જોતામાં જુગજીવન કેરૂ, મન રહ્યુછે મોહી રણુ૦ ૮૦
અલબેલાને અંગે અડકયા, સંગે સઘળો સાથરે;
અત્રીક્ષથી ઉઠયા અલબેલો, તે કોઇ ના જાણે વાત. રણુ૦ ૮૧
પ્રિત કરી પાતળીઓ, લઇને મોટે મંદીર ચાલ્યારે;
સીંઘાસન ઊપર સામળીઓ, હરીજી હેતે આવ્યા, રણુ૦ ૮૨
સંવત અઢાર અઠાવીશે, પ્રિત કરી પધરયારે;
સહુને સુખ આપ્યુ સામળીએ, અંગે રંગ વધારયા. રણુ૦ ૮૩
બોડાણાનુ બંદ જણાવા, વંશ બોલાવ્યા વાહાલેરે;
બાબેકર તેને તેડીને, સરપાવ સારા આલે. રણુ૦ ૮૪
ડાકોર કીધુ દ્વારકાં, તે ત્રીકમજી તત્કાળેરે;
લવ લવ મારી લેખે લખજો, તમો પિતા હું બાળ. રણુ૦ ૮૫
સીંઘાસનની શોભા સારી, આરસનું મહી કામરે;
મધે મોહન તમો, બીરાજો જોવા સરખું ધામ. રણુ૦ ૮૬
ચરણ કમળનુ ચીંતવણ કરતા, ચીંતા ચીત ઓલાયરે;
નેપુરા ઝાંઝર ઘુઘરીઓ, અલબેલા લેવું બલાય. રણુ૦ ૮૭
પીતાંબર પીળું છે તેની, કસબની છે કોરરે;
જડીત્ર કંદોરો જોડે શોભે, ઘુઘરીનો ઘનઘોર. રણછોડ૦ ૮૮
કસબી વાઘો કનક સરીખો, પટકો પીળો શોભેરે;
લેહેર કસબની છેડા ઊપર, અલબેલાને ઓપે, રણુ૦ ૮૯
ચાર હાથે ચત્રભુજને, કડાં ચુનીઓ વાળાંરે;
સાંકળી અંગે સારી શોભે, બાજુબંધ નખરાળાં રણછોડ ૯૦
આંગળીએ અંગુઠો ઊજ્જવળ વેઢ અને વીંટીરે;

પું'ચી સાંકળાં પાતળીયાને, મુખમાં મોરલી મીઠી. રણછોડ. ૯૧
મોતી માળા ત્રણ તેવડી, અલબેલાને ઓપેરે;
મોહનમાળા મોટી માંહે, ચરણે જઇને ચોપે... રણછોડ. ૯૨
સોનાની સાંકળીઓ દોરો, ડુગડુગીઓ માંહી ઝળકેરે;
સંખ ગદા પદમને ચકર, ચારે હાથે ચળકે. રણછોડ. ૯૩
ગળેબંધ ગળામાં સોહીએ, કાંને કુંડળ મોતીરે;
જડાવનું તીલક જદુવરને, અખંડ જોત ઉદોતી. રણછોડ. ૯૪
મુગટ મનોહર માહારાજાનો, જુગમાં ન મળે જોડોરે;
મધ્યે ચુનીઓ ચળકે ઝાઝી, કલંકીનો તોરો. રણછોડ. ૯૫
અદભુત રૂપ અકલમાં ન આવે, એક રસના શું ભાખુરે;
અપાર તેનો પાર નથી, હું કેમ કરીને ઝાંખુ. રણ. ૯૬
જેને જેવો જોઈએ તેને તેવોછે અલબેલોરે;
ગવાય તેમ ગુણ એના ગાજો રખે મુળગો મેલો. રણ. ૯૭
ધન બોડાણા ધીરજ તારી, અનંતને તેં બાંધ્યોરે;
જોગી મુનીને જે છે દુલભ, તે પ્રભુ દુજને લાધ્યો. રણ. ૯૮
ઠાસરામાં ઠીક નીકળીઓ, પ્રગણામાં પ્રીતેરે;
દુનિયામાં તેં ડંકોર કીધો, ડાકોરમાં રહે રંગ રીતે. રણ. ૯૯
ચાર જુગમાં જાણ થયો તું. બોડાણો બલીહારીરે;
તન મન ધન તેં ત્રીકમ ઉપર, સરવે નાખ્યું વારી. રણ ૧૦૦
અલબેલાને અરજ અમારી, એકાંતે તમે કેહેજોરે;
અવગુણનો તો આંક નથી, તમે શામળીયાજી સેહેજો. ર૦ ૧૦૧
જો મોહન મનમાં જાણો તો, જુગમાં ન મળે જોડરે;
ત્રાહ ત્રાહ શરણાંગત રાખો, રંગીલા રણછોડ. રણછોડ. ૧૦૨

જે જે અવગુણ જોશો તે મુજમાં ભરયા ભરપુરરે;
આળ કરો તો ઉડી જાવું, જેમ આકડાનું તુર. રણ. ૧૦૩
સામળીઆ તમો સામુ જુઓ, સ્નેહ ધરીને શામરે;
મન ફેરવો મોહનજી મારૂં; સેજે થાએ કામ, રણ. ૧૦૪
ચરણ કમળમાંથી ચીતડું મારૂ, તાણીને તમો રાખોરે;
ધણી થઇ ગીરધારી મુજને, તરછોડી ના નાંખો. રણ. ૧૦૫
બેઊ કર જોડી ચરણે લાગુ, સો સો કરૂ સલામરે;
રણછોડને તમો રાખી રશીયા, ખાના જાત ગુલામ. રણ. ૧૦૬
રાય રણછોડનો ગરબો, જે કોઇ ગાસે પુરણ પ્રીતેરે;
તે ઉપર રીજે રંગીલો, રસબસ થઇ રંગ રીતે. રણ. ૧૦૭
સહુ મળીને સાંભળજો બાઇ, કહું છું વારંવારરે;
ભુલ્યું ચુકયું માફ કરજો, કરતા છે કીરતાર રણ. ૧૦૮
સંવત અઢાર અગનોતેરે આઠમ આસો માસરે;
કૃષ્ણ પક્ષને રવીવારે, ગુણ ગાય છે રણછોડદાસ. રણ. ૧૦૯

શ્રી અંબાજીના મહિના.

કારતક માસે કરૂણા કરો મુજ માતરે, મા અંબાજી.
આલબેલી અંબા સાંભળ મારી વાતરે. મા અંબાજી ૧
વાત સાભળીને સમરૂ શ્રી હરી નાથરે, મા અંબાજી.
તારા દરશનની મને મોટી અંબા આશરે મા અંબાજી. ૨
માગશર માસે મન મળવા અકળાયરે, મા અંબાજી.
તારી ઇછા કરતાં અંબા દિન વહિ જાયરે. મા અંબાજી. ૩
દીન વહિ જાયને આશા મુજને મોટીરે મા અંબાજી.
તારા રંગ મંડપમાં હું નવ આવી લોટીરે મા અંબાજી. ૪

પોસ માસે મુજને મળવા સોસરે, મા અંબાજી.
મુજ રાંક ઉપર શો ધરવો રોશરે મા અંબાજી. ૫
રોશ ન ધરી તમો છો દેવ દયાળરે મા અંબાજી.
જેનું નામ ધરાવે શેવક જન પ્રતિપાળરે મા અંબાજી. ૬
માહ મહિને કાંઈ વરત સાંભળાં તમારાંરે મા અંબાજી.
મા શું જુવો છો કુડાં કરમ અમારાંરે, મા અંબાજી. ૭
કુડાં કરમની કરણી છે મધાનરે, મા અંબાજી.
તારા દરશનનું મને મોટું અંબા ધ્યાનરે, મા અંબાજી. ૮
ફાગણ માસે ફરી ફરી ઉઝટે અંગરે મા અંબાજી.
રંગ ભરયાં મનડાં ન કરશો ભંગરે મા અંબા૦ ૯
ભંગ ન કરશો તનડું અમારૂં તલખેરે, મા અંબા૦
ચીત અમારૂં ચરણે આવી અટકેરે મા અંબા૦ ૧૦
ચઇતર મહિને ચીંતા મુજને ઝાઝીરે, મા અંબા૦
જન્મ ધરી નવ નરખ્યાં અંબા માજીરે મા અંબા૦ ૧૧
નવ નિરખ્યાં મે અંબા અકલ સ્વરૂપરે મા અંબા૦
વળતાં કયાંથી દેખીશ માનાં મુખરે. મા અંબા૦ ૧૨
વૈશાખ મહિને વરશ જાય દેહ નાડીરે મા અંબા૦
મા હવે વળતી વેળા રહી છે માડીરે મા અંબાજી. ૧૩
વેળા માડીને ગાંથ મોટું દુખરે મા અંબાજી.
વળતાં કયાંથી દેખીશ માનાં મુખરે મા અંબાજી. ૧૪
જેઠ માસે મુજને તેડો હેઠરે, મા અંબાજી.
નહી તેડો તો જીવણ જાશે વેઠરે મા અંબાજી. ૧૫
વેઠ જાશે ને મિથ્યા થાશે જન્મરે મા અંબાજી.

ભાગ્ય નથી પણ ઓછાં અમારાં કર્મેરે. મા અંબાજી. ૧૬
અસાડ માસે અટક ધરીઓ મનરે, મા અંબાજી.
તારા દરસન માટે તલસે મારૂ તનરે મા અંબાજી. ૧૭
તન તલસે ને દયા ન આવે મારીરે, મા અંબાજી.
મા દયાળી દીલથી શું મુકો છો કાઢીરે મા અંબાજી. ૧૮
શ્રાવણ માસે સંઘ ભરાય બહુ ભારીરે મા અંબાજી.
મા જેને ઇછા હોય તે આવે તારે પારેરે મા અંબાજી. ૧૯
મા સઘ ભરાયને સઉને ઇછા થાયરે મા અંબાજી.
મા પાપી હોય તે નિસ્ચે પાવન થાયરે મા અંબાજી. ૨૦
ભાદરવા માસે સીદને મન ભાવોરે, મા અંબાજી.
તારાં દુરલભ દરશન આપી તાપ સમાવોરે મા અંબાજી. ૨૧
તાપ સમાવોને શીતળ કરો છાંયરે મા અંબાજી.
શીશ નમાવતાં પ્રાશ્ચિત પ્રલે થાયરે મા અંબાજી. ૨૨
આસો માસે અરજ સાંભળી વેહેલીરે મા અંબાજી.
મા આરાસુરમાં કરો આનંદની હેલીરે મા અંબાજી. ૨૩
હેલી કરીને પુરો મનની આશરે મા અંબાજી.
મા શેવક જનને તેડો તમારી પાસરે મા અંબાજી. ૨૪
બારે માસ પુરણ કીધા માતરે, મા અંબાજી.
મા વિશમભરી વિશ્વાસ ન કરશો ઘાતરે, મા અંબાજી. ૨૫
તેરમો મહિનો મહા ઊત્તમ કેહેવાયરે, મા અંબાજી.
મા હરી પ્રતાપે પુરશોતમ સઊ ગાયરે, મા અંબાજી. ૨૬
પુરશોતમ માસે શંઘ ભરાય બહુ ભારીરે, મા અંબાજી.
મા ચાચર ઊપર વરતી આગ્ને થાળીરે મા અંબાજી. ૨૭

આરાસુરમાં નિત્યે આનંદ થાયરે મા અંબાજી.
કર જોડીને બાપો શેવક ગાયરે. મા અંબાજી. ૨૮

રાધકાજીના મહિના.

કોને સખી કારતક કેમ જાશે, કે વનમાં મોરલી કુણ વાશે;
મહીનો દાણી કુણ થાશે, કે જુમનાં જાવા દ્યો પાણી. ટેક ૧
કે માગશરે મન માહારૂ ગળીયુ, કે વીખીયા ભાવ થકી ટળીયું;
કે જેમ લુણ પાણીમાં ભળીયું, કે જુમનાં. ૨
કે પોશે સોસ પડયા અમને, વાહાલાજી શું નમીએ તમને;
કે દીલાસા દીધાછે અમને, કે જુમનાં ૩
કે માહે મકર તણે મતે, ફુલડીયાં વેરંતી ખાંતે;
કે વાહાલાજી મારા મથુરાંની વાટે, કે જુમનાં ૪
કે ફાગણે ફેર ફરે હોળી, કે આછાં ચરણાંને ચોળી;
કે ચુંદડી મારી કેશરમાં રોળી, કે જુમનાં ૫
કે ચઇતરે ચતુરા ચંત ધરતી, વાહાલાજીના ગુણ ગાતી ફરતી;
કે તારે મારે વહાલે કીધી નરતી, કે જુમનાં. ૬
કે વઇશાખે વાયા વાવલીયા, ઘેર પધારોને નાવલીયા;
કે દુધડે ધોઉ તારા પાવલીયા, જુમનાં. ૭
કે જેઠે જગજીવન આવ્યા, કે સૌ લોક વધામણી લાવ્યા;
કે વાલા મારા કશુંએ ન કાવ્યા, કે જુમનાં ૮
કે અશાડે અબળા થઈ ઝાખી, વાલે મારે ભરજોબન રાખી;
વિચારો વાલા વાત થશે વાંકી, કે જુમનાં. ૯
કે શાવણ શરવડીએ વરશે, કે નદીએ નીર ઘણાં તરશે,
કે કોયલડી ટહુકલીયા કરશે, કે જુમનાં. ૧૦

ભાદરવો ભલા પેરે ગાજે, સઈઅર ઘેર વલોણું વાજે;
તેતો મારા રૂદાયામાં દાઝે, કે જુમનાં ૧૧
આશોની રજની અજવાળી, કે ૐ વ વણું કે સુવાળી;
વાલા વીના આશી દિવાળી, કે જુમનાં. ૧૨
કે રાધા હાથે શોનાની ચુડી, કે રમતાં દિશેછે રૂડી,
કે દુખ સરવે ગયાંછે બુડી, કે જુમનાં જાવાદો પાણી. ૧૩

તુળશીના મહીના.

ધન ધન પાટણ ગામ,
ધન તુળશી તારૂ ઊત્તમ નામ; સાંભળો ગુણવંતા. ૧
અસાડે તુળશી રોપ રોપાવે,
દેવ દામોદરને નિદ્રા ન આવે. સાંભળો. ૨
શ્રાવણે તુળશી દોદોરે પાને;
હરખ્યા શ્રી નારાયણ તુળશીને નામે. સાંભળો. ૩
ભાદરવે તુળશી લેહેરેરે જાય,
કંઠે સોવરાત્ર શ્રી જાદવરાય. સાંભળો. ૪
આસોએ તુળશી આશા વળુધાં,
દેવ દામોદરે ખોળામાં લીધાં. સાંભળો. ૫
કારતકે તુળશી બાળ કુંવારી,
લગ્ન નીરધારીને પરણ્યા મોરારી. સાંભળો. ૬
માગશરે મહાવટડે ઠરીએ,
શિયાળે તુળશીનાં આણાંરે કરીએ. સાંભળો. ૭
પોસ માસે પધારે પોકાર,
તુળશી વીના સુનોરે સંસાર. સાંભળો. ૮

મહા મહિને શુધ બુધ ન ભુલે,
તુળશી વિના ત્રિભોવન ડુલે. સાંભળો. ૯
ફાગણે ફાગ ખેલેરે ગોવંદા,
પગરે પાવટડે હરી લેલાટ ચંદા. સાંભળો. ૧૦
ચઈતરે ચંત બોલે હીંડોળા,
હીંચોળે હીચે શ્રી ક્રષ્ન કાળા. સાંભળો. ૧૧
વઇશાખે વનસ્પતી મોડી,
એ ને ખોળે મેં રમત માંડી. સાંભળો. ૧૨
જેઠ માસે તુળશી કરમાયાં,
સોળસે ગોપીયો પાણીડાં ચાલ્યાં. સાંભળો. ૧૩
તુળશીને ક્યારે ઘીનાં દીવલડા,
હરી હરી કરતાં જાય એના જીવડાં સાંભળો. ૧૪
હું તમને પુછુ મારી તુળશીરે માતા,
કુણ તારી માતા ને કુણ તારો પીતા. સાંભળો. ૧૫
ધરતી મારી માતા ને આભ મારો પીતા,
દેવકી મારી સાસુ ને ક્રશ્ન ભરથાર. સાંભળો ૧૬

થોભણદાસના મહીના.

કારતકે કોડામણીરે, શિળો પુનમ કેરો ચંદ વાલા;
રાધાજી કરે હરીની વીનતીરે, ચરણે રાખો ગોવિંદ વાલા. ૧
માગશરે મેલી ગયારે, પેળી ગયા પરદેશ વાલા;
ભર જોબનમાં ભામનીરે અબળા બાળેવેશ વાલા. ૨
પોસ માસે પુછામણીરે, સાંભળ સઈયર વાત વાલા;

શ્રી કૃષ્ણ ચાલ્યા દવારકાંરે, સોલસે ગોપીનો નાથ વાલા. ૩
માહા મહિને મન માહરૂં રે, ચીતડું વ્યાકુળ થાય વાલા;
શમણાં લાગ્યાં શ્રી રામનાંરે, દીઠા જાદવરાય વાલા. ૪
ફાગણ માસે ફરકીયારે, વાગે છે તાલ મૃદંગ વાલા;
મધુરી વગાડે વાલો વાંસળી રે, હોળી ખેલે ગોવિંદ વાલા. ૫
ચઈતરે ચિંતામણીરે, ના આવ્યો નાવલ હર વાલા;
કોઈ લાવે પીઉની વધામણીરે, આપું એકાવળ હાર વાલા. ૬
વઇશાખે વન વેડાવાંરે, વેડાં છે દાડમ દ્રાક્ષ વાલા;
કોયલડી ટઉકા કરેરે. સરવો લાગે એનો સાદ વાલા; ૭
જેઠ મહીનાનાં રણ તપેરે, જેવાં ઉનાળાના તાપ વાલા;
લંકામાં જ્વાળા પરજળેરે, ઊભા રહો રઘુનાથ વાલ. ૮
અસાડ માસ ભલે ઉલટયોરે, થાય વીજળીઓના વેગ વાલા.
ભલી ઉલટી બેની વાદળીરે. વરગ્યા બારે મેઘ વાલા. ૯
શ્રાવણ વરસે સરવડાંએરે, નદીએ નીરમળ નીર વાલા.
ભીંજે તે રાણી પદમણીરે, ભીંજાય દક્ષણી ચીર વાલા. ૧૦
ભાદરવો ભલે ગાજીઓરે, શીતળ ચઢયો શરીર વાલા;
ગોરાદે ભીંજાય ઘર આંગણેરે, પેઉડો ભીંજાય પરદેશ વાલા. ૧૧
આસો માસે દીવાલડીરે, સુંદરી સજે શણગાર વાલા.
સેલાવટ ટીલડી સોહામણીરે, કંઠે એકાવળ હાર વાલા. ૧૨
બારે માસ પુરા થયારે, આવેસો અદકમાસ વાલા;
ગાય શીખેને સાંભળેરે, વીનવે થોભણદાસ વાલા. ૧૩

બહુચરાજીના મહીના.

ચઈતરે ચંત ઘણું બાંધ્યું. નમી નમી બહુચર આરાધું;
મન મારૂં ગોખે જઈ બાંધું શેવોને તમે શંખલપુર રાણી. ૧
વઈશાખે વાવલીયા વાયા, માજીના પહતળે આવ્યા;
અંબાજીની મોટી માયા, શેવોને ૨
જેઠેતો જુગતી છે સારી, હરી હર બ્રમ પહી ન્યારી;
ગોખ ઉપર જાઉં બલીહારી, શેવોને ૩
અસાડે મેઘ ઘણા ગાજે, છત્ર શીર બહુચરને છાજે;
ચોઘડોયાં તો અદભુતે વાજે, શેવોને ૪
શ્રાવણે સરવડીએ વરશો, માજિને ભજશો તો તરશો;
નીકર તમે અથડતા મરશો, શેવોને. ૫
ભાદરવો ભલીપેરે ગાજ્યો, શેવકને સનમુખે થાજ્યો;
ઘુડંતાં બાવલડી સાજે, શેવોને. ૬
આસો માસે આવી દિવાળી, આવ્યાં છે અંબાને કાળી,
ગરબે રમે મોટાં મહાકાળી, શેવોને. ૭
કારતકે કોયલડી બોલે ના. આવે માજીને તોલે;
તે જોતાં ત્રીભોવન ડોલે. શેવોને ૮
માગશર માન સરોવર નાહે, ચાચર આવી ગરબા તો ગાયે;
શેવકની મા કરજો સાહે, શેવોને. ૯
પોસે પ્રિત ઘણી પારો, પાંડવ લીધા ઉગારી;
કઉરવ સરવે ગયા હારી, શેવોને. ૧૦
માહે તો મને નથી ગમતું, મન મારૂં રહે છે ભમતું;

મન મારૂં માઝમમાં રમતું, મેવોને ૧૧
ફાગણે ફરફરતી હોળી, પેહેરવાં માગ્યાં અરજુને ચોળી;
કેસર બહુ છાંટ્યાં છે ઘોળી, મેવોને. ૧૨
બારે માસ પુરણ કીધાં, દહીતને દંડ ભલા દીધા;
દેવતા સઉ જાગારી લીધા, મેવોને. ૧૩
આસો સુદ બીજને બુધવારે, બારે માસ થયા નિરધારે;
વલ્લભની કરજો મા વારે, મેવોને. ૧૪

રણછોડજીના સાતવાર,

આદીતે આનંદ સઈયર કહું છું રે; મારે ગીરધર શું ધરવા સ વ્રજમાં રહું છું રે, પામ્યા સુખ સોવજી ફળીયારે, આનંદ જીનોલાલ મુજને મળીયારે. આ મગળે મન હેત હરી શું લા ગ્યું રે, આ હૃદયકમળનું બારણું હઈયે વાગ્યું. આ બુધ આવ્યો શુદ્ધ જોવા જઈએરે, આ છાનાં કરીએ ગુજ વહાલાં થઈએરે બ્રહસ્પતી ગુરૂ પરતાપ સુખ છે સહુનેરે. આ સખી ઘણો આનંદ રાધા વહુનેરે, શુક્રના સરવ બોલ શહુને ગમતારે, આ દેતા તાળી હાથ રજની રમતારે આ શનીશ્વર સંદેસો હરીને કાહાવ્યોરે, આ જોગ બન્યો છે આજ રમવા આવોરે, આ સાત વાર જે ગાય નરને નારીરે, તેનો વઇકુંઠ વાસ જ થાય દેવમોરારીરે.

ગુજરી.

કે કાયબને બાદશાહ બડે ને સારી દીલ્લીકા દીવાનરે,
કે બાદશાહ ઉતરે બાગમેં મેં ક્યા મસ દેખન જાઉંરે;
કે હાથમેં લઉં લાલ માટલી કંદોયણ હોકે જાઉંરે,
કે બાદશાહ ઉતરે બાગમે મેં ક્યા મસ દેખન જાઉંરે:
કે હાથમેં લેઉં સાગ બેડા પનીહારણ હોકે જાઉંરે;
કે બાદશાહ ઉતરે બાગમેં મેં ક્યા મસ દેખન જાઉંરે,
કે હાથમેં લેઉં લાલ લાકડી ગોવાલણ હોકે જાઉંરે,
કે બાદશાહ ઉતરે બાગમે મેં ક્યા મસ દેખન જાઉંરે;
કે હાથમેં લેઉં ફુલ છાબડી મે માલણ હોકે જાઉંરે,
કે કુસુંગરના માથરો સાળુડે કસુંબી કોરરે;
કે કમાં કંબી અગવટ બીછવા ઝાંઝરના ઝમકારરે,
કે હાથે બાજુબંધ બેરખાં એને દશ આંગળીએ વેઢરે;
કે કાને કલાફુલ શોભત એને કાને ઝપકે ઝાલરે,
કે કોટે તે પાટીયાં શોભતાં એને કંઠે એકાવન હારરે;
કે બીચારે જગનું કાપ એને નગ મોતનો હારરે;
કે નાકે કે વાળીઓ શોભતા એને ટીલડા તપે લલાટરે,
કે બાસ બાસ મોતી પરોવ્યાં જાણે ઊગ્યે ગરજભાણુરે,
કે છોટી મટકામે દહી જમાવો દુધ લાયો મણ ચારરે:
કે ચલી ગુજરીયાં દહીં એ નકું બાદશાહકે દરબારરે,
કે અધર ઢ્યે કોઈ મધર ઢ્યે કોઈ ઢ્યોને મીઠડાં દુધરે
કે આસુરે કેવે સુણો બાવરીયા લશકરમેં મત જાવરે,

કે દીલ્હી શહેરકા બાદશાહ તુમ રહ્યા ગોખલ માંહરે;
કે આ.બુનાંબારવાં ના કરે જકું મહી વેચવાને જાયરે;
કે હાટે મોહલા હાટ વાણીઆ ને.ધારે મોહલા ચોપદારરે,
કે નો દેખે સો મોહી રહયાને બાદશાહ સરખા મોહરે,
કે ચલી ગુજરીયાં ગાહી ખચનકું ચઢી બ.બજારરે:
કે સીપાઈ બીચાને ચાડી લગાઈ જીર જાન હુવા હેરામરે,
કે અપને શહેરમે ઐસી મહીયારી ને ઐસા ન કોઈકા દુધરે
કે બાદશાહકું તો ખબર હુઈને ગુજરી દેખન આયરે,
કે અલીયાં ગલીયાં કયાં ફીરનાં ગોરી પેઠો પકડા મોહરે;
કે પૃઠદેમેં ચઢી મોજ કર ગોરી ચાવો નાગરપાનરે;
કે અલીયાંરે ગલીયા બહોત ભલી તેરે પડદેકું લગાદેગી આગરે
કે હીંદવાણી તું હરામજાદી બાદશાકુ દેવ જવાબ,
કે બાદશાહ કેત સુણ ગુજરી તમ સુણો અમેરી બાત;
કે હાથ કથીર મેં કયા પહેરના ગોરી પેરો સોના શેર,
કે હાથ કથીર મેરે બોત ભલી તે રેસોનેકુ લગાદેગી આગ;
કે હીંદવાણી તું હરામજાદી બાદશાકુ દેવે જવાબ;
કે બાદશાહ કેહે સુણો ગુજરી તુમ સુણો અમારી બાતરે,
કે કાળી કામળમેં કયા ઓઢના ગોરી પહેરો દક્ષાણી ચીર,
કે કાળી કામળ મેરે બહોત ભલી તેરે ચીરકુ લગાદેગી આગ;
કે હીંદવાણી તુ હરામજાદી બાદશાકુ દેવે જવાબ,
કે બાદશાહ કહેવે સુણ ગુજરી તુમ સુણો અમારી બાત
કે ઘેંશ છાશમેં કયા ખાના ગોરી ખાવને નાન પુલાવ;

કે નાનપણાવમેં ક્યા ખાના મેરા હીંદુ કા અવતાર;
કે હીંદવાણી તું હરામજાદી બાદશાકુ દેવે જવાબ,
કે બાદશાહ કેવે સુણ ગુજરી તુમ સુણો અમારી બાતરે
કે મક્કના હાથી અજબ બન્યા તે ગોરી હાથી દેખન આવરે
કે તેરે હાથીમેં ક્યા દેખના મારે ઘેર ભુરી ભેંશ,
કે ઠંડુ સવામણ દુધ કરે તેરા હાથીથી ભલેરી મારી ભેંસરે ૨,
કે દહી દુધકી નદી ચલાઉં માખણકી બાંધું પાળરે
કે હીંદવાણી તું હરામજાદી બાદશાકુ દેવે જવાબર,
કે બાદશા કેવે સુણ ગુજરી તુમ સુણો અમારી બાત;
કે મેરા કુંવર ગોરી અજબ બન્યા તે કુંવર દેખન આવ
કે તેરા કુંવરમે ક્યા દેખનાં મેરી ગાયુકા ગોવાળ,
કે હીંદવાણી તુ હરમજાદી બાદશાકું દેવે જવાબ;
કે બાદશાહ કેવે સુણ ગુજરી તુંમ સુણો અમારી બાત,;
કે મેરી શાળશે રાણીઓ ખુબ બની તે રાણીઓ દેખન આવરે
કે તેરી રાણીમેં ક્યા દેખના મેરે પાની ભરે પનીઆરરે;
કે હીંદવાની તુ હરામજાદી બાદશાકુ દેવે જવાબ;
કે બાદશાહ કેવે સુણ ગુજરી તુમ સુણો અમારી બાત;
કે મેરા ઘોડા અજબ બન્યા ગોરી ઘોડા દેખન આવ;
કે તેરે ઘોડેમેં ક્યા દેખના મેરે ઘેર ગવરી ગાય;
કે હીંદવાણી તું હરામજાદી બાદશાકુ દેવે જવાબ;
કે બાદશા કેવે સુણ ગુજરી તુમ સુણો અમારી બાત,

કે મેરી મુછોં અજબ બની ગોરી મુંછોપર મોતી આવ;
કે મેરી મુછોમેં ક્યા દેખના મેરા બકરા જેસા પુછ,
કે હીંદવાણી તું હરામજાદી બાદશાકુ દેવે જવાબ;
કે બાદશા કેવે સુણ ગુજરી તુમ સુણો હમારી બાત;
કે કાયું તમારૂ સાસરૂને કાંયા પુરૂષ પેર નાર,
કે મઠગોકુળ મારૂ સાસરૂ ને નંદા પુરૂષ ઘેર નારરે,
કે હીંદવાણી તુ હરામજાદી બાદશાકું દેવે જવાબરે;
કે બાદશાહ કેવે સુણ ગુજરી તમ સુણો હમારી બાતરે;
કે કોણ દેશાની ગોવાલણીને શુ છે તારૂ નામરે,
કે મઠમાંદવકી ગોવાલણી ને મેના ગુજરી મારૂ નામરે;
કે હીંદવાણી તુ હરામજાદી બાદશાકુ દેવે જવાબરે;
કે બાદશાહ કેવે સુણ ગુજરી તુમ શુણો અમારી બાતરે;
કે છોટી મટકીયા મૂલ કરોને ગોરી ઉસકા ક્યા હોય મુલરે,
કે છોટી મટકીકા મુલ કરૂ । તેરી શુદ્ધબુદ્ધ જાવે ભુલરે;
કે હીંદવાણી તું હરામજાદી બાદશાકુ દેવે જવાબરે,
કે બાદશાહ કેવે સુણ ગુજરી તુંમ સુણો હમારી બાતરે,
કે દુસરી મટકીકા મુલ કરોને ગોરી ઉસકા ક્યા હોય મુંલ;
કે દુસરી મટકીકા મુલ કરૂ તેરી સોલસેં રાણીઓ ડુલરે;
કે સોલસેં રાણીઓ સબ કરૂ તેરા કેઇ ન લેવે નામરે;
કે હીંદવાણી તું હરામજાદી બાદશાકુ દેવે જવાબરે;
કે બાદશાહ કેવે સુણ ગુજરી તુમ સુંણો અમારી બાતરે,
કે તીસરી મટકીકા મુલ કરોને ગોરી ઉસકા ક્યા હોય મુંલરે;

કે ત્રીજા મટકાકા મુંઘ કરૂ તેરા મકના હાથી ડુબરે;
કે હીંદવાણી તું હરામજાદી બાદશાકુ દેવે જવાબરે.
કે બાદશાહ કેવે સુણ ગુજરી તુમ સુણો અમારી બાતરે,
કે ચોથી મટકાકા મુખ કરૂ તારી સારી ડીલી ડુબરે,
કે હીંદવાણી તુ હરામજાદી બાદશાકુ દેવે જવાબરે.
કે બાદશાહ કેવે શુણ ગુંજરી તુણ સુણો અમારી બાતરે,
કે તેરા રૂપ તો કીને દીયા જાણે સોની ઘડે સોનારરે।
કે અલ્લા મીઆંને મુજે રૂપ દીયા મેરા કરમ કીરતારરે.
કે હીંદવાણી તુ હરામજાદી બાદશાકુ દેવે જવાબરે,
કે બાદશાહ કેવે સુણ ગુજરી તુ' સુણો અમારી બાતરે;
કે ગલબલ ગલબલ કયા બોલતી ગોરી બાબો સમજકી બાતરે
કે અકડ છકડ ગો ૌકયા બોલતી કાંઈ છકડ બગાવુ દો ચારરે
કે તુ નવ જાણીશ એકલી મારા ગુજર ચડે નવ લાખરે,
કે હીંદવાણી તું હરામજાદી બાદશાકુ દેવે જવાબરે,
કે બાદશાહ કેવે સુણ ગુજરી તુમ સુણો અમારી બાતરે;
કે માર તમાચોને ઉડજાય પગડી મુખડાં હો જાય લાલરે
કે ટકે ટકે તેરા ટટ્ટુ બિચાઉ દેમડીકા દસ ઉંટ,
કે ટકે ટકે તેરી ઢાલ બિચાઉ ને દો કોડી તલવાર;
કે બાદશાહકુ તો ગુસ્સા લગાને હાથી બેડી માંય.
કે હાથે ડાઢી હાય કરીબાને ઉસકુ હાથીપર બેઠલાવ
કે હાથીકે હોદેપર બેઠી ઉસકા કોઈ ન લેવે નામ

કે આમણ ગીરા જીનવું તને આ હું કંઇયાનો હાર
કે કાગળ જઇને આપજે મારા હીરા દીયરને હાથ
કે હીરાએ કાગળ વાંચીયોને ભાઇ ગુજરી પડી બેડી માંહી
કે ચંદ કાગળ વાંચીયેને ગુજરી પડી બેડી માંહી
કે જો પડી ભાઇ પડતા દોકાંઇ એવી લાવીશું બચ્ચાર
કે તાણી બાંધો ભાઈ ઢાલ તરવારોને તાણી બાંધો હથીયાર
કે શુરા હોયસો સંગ ચલોને નહીં કાયરકા કામ
કે કેસરયા ભાઇ વાઘા પેહરે હેજાઓ લાલ ગુલાલ
કે ત્યાથી હીરાઓ હડાઓને ગયો તે ઘોડારની પાસ
કે તાણુને બાંધો તંગડોને દીધા મોંઢા લગામ
કે દીલ્લી જીતીને ઘેર આવુ તો રેવંત મારૂ નામ
કે હીરાઓ ઘોડે એકજ ચઢયો ને ગુજર ચઢયા નવ લાખ
હીરાએ ઘોડા એડીઆને ઘોગી મસ્યા પલાસરે
કે બેન ભવાની ભાગ આતે ગુજર કેરા રાગ
કે ચંદ ઘોડે એડીઓને જાય દીલ્લી મેદાન
કે હીરાઓ પેગા શેહ માંને કોઈ નાઠા જાય;
કે તોપોકા ધમરોળ હુંઇ ને હુવા અંધારા ઘોરરે.
કે બાદશાહકુ તો ખબર નહીને રઇયત નાઠી જાય,
કે શુતે બાદશાહ જાગજે તારે નગર પડયો ભંકાર;
કે શુંનો બાદશાહ જાગીઓ ભાઇ કયા હોતા ધમરોળ
કે શુતો બાદશાહ જાગીઓને મુંગલ ચઢયા બાવન લાખરે
કે તાંબાની નોબત ગડગડેને જંઢમકે લાગેઢલા
કે ફાગણ સુદ ચઊદસને દહાડે મામલો મચ્યો જોર;

મહાદેવજીના મહીના.

કારતકે કીરતી બહુ કરીએ, ભોળાનું ધ્યાન રૂદે ધરીએ;
ભોળા દેખી ભવ સાગરતરીએ, આવો હરી શીવશંકરભોળા.૧
ભોળા હાથે ભસ્મ તણા ગોળા, ભોળાને માથે ફુલડાંનાતો
રા. આવો હરી શીવશંકરભોળા; ટેક.
માગશર મહામંગળ કાળી, શીવે સુધ લીધી હમારી;
ભોળાનાથ ઉપર બલીહારી. આવો૦ ૨
પોસે તો પ્રાણ થકી પ્યારા, કાનવરને ન મુકુ ન્યારા;
ભોળા શંભુ આંખ્યોથી પ્યારા. આવો૦ ૩
માહે તો વસંત આવ્યોરે, ગવરીરે લાવ્યાં અબીલ ગુલા-
લ ઘોળી; ભોળો શંભુ ખેલે છે હોળી. આવો૦ ૪
ફાગણ ફાગ ખેલે હરશું, શંકર બાંહ્ય ઝાલે તરશું;
ચાલો હોળી ખેલો શંકરશું. આવો૦ ૫
ચઈતરે ચીત ચરણે લાગ્યું, ભોળા શંભુ સ્થળ કરી સ્થાપુ
શંકર મારા રૂદીયામાં રાખું. આવો૦ ૬
વઇશાકે વાર લાગી તમને, નરખવાની હુંશ ઘણી હમને;
ભોળા શંભુ શું કહીએ તમને, આવો૦ ૭
જેઠની જુગતી બની સારી. નારી પેહેરે કસુંબલ સાડી;
જટામાં ગંગાજી પ્યારી. આવો૦ ૮
અસાડે તો બહુ ગડગડીયા મેઘ, મોરલીઓ કરે નયણાંશું
નેહ; શંકર મારા કરમે લખ્યા કરો મેટ. આવો૦૯
શ્રાવણે શીવની બની શોભા, ચાલોરે સખી શોમેશ્વર જોવા;
ભોળારે દેખી ભવ દુખડાં ખોવા. આવો૦ ૧૦

ભાદરવો ભોગ તણા ભોગી, અડધે અંગે ઉમીયા શીવ જો-
ગી; મારી શુધ લેજો તમે જોગી. આવો૦ ૧૧
આશોએ અંગે ઉઠી અગ્ની, નથી જાતી રાત દીવસ રજ
ની; શકર વિના શું કરીએ સજની. આવો૦ ૧૨
કોને સખી અદક માસ આવ્યો, સરવે સખીઓને મન
ભાવ્યો; તારોરે ગુણ રણછોડે ગાયો. આવો૦ ૧૩
ભોળાને હાથે ભસ્મ તણા ગોળા, ભોળાને માંથે ફુલડાંના
તોરા; આવો હરી શીવશકર ભોળા.

ક્રસ્ન જીવણના મહીના.

કારતકે ક્રસ્ન ગયા મેલી, આંખડીએ આંસુની હેલી;
ગોપી ગોકુળમાં ફરે ઘેલી, ઓધવજી નારે ઘટે તમને.
સઈયર થાઓરે વેહેલી, કે વાંકો અંબોડો મેલી;
ગોરી એના જોબનમાં ઘેલી, ઓધવજી નારે ઘટે તમને. ટેક
માગશરે મંદિરમાં રહેતાં, ભેળાં બેશી ભોજનીયાં જમતાં;
હવે અમે નથી કેમ ગમતાં. ઓ૦ ૧
પોસે તો પ્રીત કરી પેહેલી, ગોરધનનાથ ગયા મેલી:
વધાઇ મોકલજો વેહેલી. ઓ૦ ૨
કુબજા સોક્ય થઇ સાલે, વાલો મારો મથુરાંમાં મહાલે;
કે તરછોડયા નંદ તણે લાલે. ઓ૦ ૩
ફાગણ રંગ રમતાં હોળી, સુંદર પેહેરી ચરણાંને ચોળી;
કંકુ કેસરમાં ઘોળી. ઓ૦ ૪
ચયતરે ચિંતા કરી ચુકયાં, તન અટવઈ મારાં સુકયાં;
નારીએ નીસાસા મુકયા. ઓ૦ ૫

વઈશાખે વાટ જુએ ગોપી, લજ્જા માબાપ તણી લોપી;
પ્રીતી કુબજાને સોંપી. ઓ૦ ૬
તટ આવી દાણ લેતા દહાડી, ઝાુરાંમાં રંગ રમતાં નારી;
તે કેમ ભુલ્યા ગીરીવર ધારી. ઓ૦ ૭
જેઠે જાદવ કુળને હશીએ, તારી ગારી કીધી છે રશીએ;
હવે હરી ગોકુળમાં વશીએ. ઓ૦ ૮
અસાડે મેવલીયો ગાજે. તેથી મારાં દીલડાંમાં દાજે;
મુકયાં એકલડાં મહારાજે. ઓ૦ ૯
શાવણમાં શું કરાએ સજની, ગોઠે નહીં દીવસ કે રજની;
શું કહીએ દુખ મુખથી સજની. ઓ૦ ૧૦
ભાદરવો ભર જોબન નારી, ઘેર આવ્યા નહીં ગીરધારી;
વહાલે મેલ્યાં વીસારી. ઓ૦ ૧૧
આસોએ આવ્યા ઓધવજી, સંદેસો સ્યામ તણો લાવ્યા;
રાધાજીને મન ભાવ્યા. ઓ૦ ૧૨

કાળકાનો ગરબો.

જુગદેવ જસ ગાઊ હું મહાકાળીરે;
જીભીયાએ વસજો માત પાવા વાળીરે. ૧
શેવક જાણી તાહરો માહા, શીર ઉપર ધરજો હાથ પાવા. ૨
હોંશ હઈયામાં થાય છે માહા, ગુણ ગાવાનું છે ગન પાવા. ૩
દયા કરો તમે દાસને મહા, તેથી ઉપજે બુદ્ધી પાવન પાવા.૪
ગુણ ગંભીર છે મા તાહરો માહા, કેહેતાં ન આવે પારપાવા.૫
બાળક બુધી શું કરો મહા, જો હોય તારો આધાર પાવા. ૬
નવતેરી નગરી બીશે માહા, ચંપાવતી ચતુર સુજાણ પાવા. ૭

રામ સરખુ રાજ છે મહા, મહીવસે અઢારે વરણ. પાવા. ૮
ત્યાં ચતુર નારીઓ અતી ઘણી માહા, નીરમલ છે તેનું મન પા. ૯
ગરબો બેસે ચોકમાં માહા, ત્યાં શોભા નઉતમ થાય પા. ૧૦
શણુગાર સરવે શોભતા માહા, નારી કુંજરનાં ચીર, પા. ૧૧
ગુણવંતી ગરબે રમે મહા, રાખીને મનશું ધીર. પાવા. ૧૨
તાળીની ઝડીઓ પડે માહા, ત્યાં શોભા નઊતમ થાય. પા.૧૩
કોકીલા શબ્દ શોહામણા માહા, નવરંગી નારી ગાય. પા. ૧૪
તે મધે માતા અ.વીયાં માહા, વીજળીના સરખું રૂપ પા. ૧૫
સુરજ સરખાં શોભતાં મહા, માએ રૂપ ધર્યું અદભુત. પા.૧૬
રાણીઓ સરવ ઝાંખી પડી મહા, મા તેજ તણો અંબાર પા.૧૭
રાણીઓ મનમાં એમ ધરે માહા. બાઈ આ નવલી કોણ નાર પા.૧૮
રૂપ સ્વરૂપ આગળી માહા. જેની સોના સરખી કાય. પાવા. ૧૯
મધ્ય રાતરે રાણીઓ પરવરી માહા, જઈને વીનવીઓ રાય પા.૨૦
રાણીયો રાય આગળ કહે માહા, સાંભળજો પ્રાણઆધાર પા.૨૧
એક રામા રમવા આવીયાં માહા, જયાં બાવનમો બજાર પા.૨૨
બત્રીસ લક્ષણ આગળી માહા, તે તો પદમીનો અવતાર પા.૨૩
તેને જોઈ ત્રીભોવન મોહી રહે મા, તે આગળ કોઈ નહી નાર પા ૨૪
રાજાને નારી ગમી માહા. વળી સુરજ થયો પ્રકાશ પાવા. ૨૫
તે દીવસ ગયો અતી દોહલો મા; મનડાંમાં મોટી હામ. પા.૨૬
વળી રાત પડી રવી આથમો મા, ચોઘડીયાં ઠમકે બાહાર પા.૨૭
ઘેર ઘેરથી સહુ નીસરયાં મા, ગરબે ગાવા સહુ નાર. પા.૨૮
રંગ મચો સહેલડી મહા, એવામાં આવ્યાં માત. પા. ૨૯
રાણીએ દાસી મોકલી માહા, રાય આગળ કેહેવા વાત પા.૩૦

ત્યાંથી પતાઇ રાવલ નીઠીઓ માહા, જોવાને નવલી નાર. પા. ૩૧
આવી નીરખી નયણે ભરી માહા, તેને વીરહ વધ્યો અપાર. પા. ૩૨
નખ શીખ સુધી નીરખીયાં માહા, મુરછાએ પડીઓ રાય પા. ૩૩
રાજા રંગે મોહી રહયો માહા, નારીશું લાગ્યો નેહ પાવા. ૩૪
રમતાં રજની વહી ગઈ માહા, સહુ વળયા પોતાને ઘેર. પા ૩૫
ત્યારે માતા ચાલ્યાં એકલાં મા, પતાઇએ જાણી પેર, પાવા. ૩૬
પાપી પુંઠે પરવરયો માહા, માતાનો ઝાલ્યો હાથ પાવાવાળીરે. ૩૭
માગ માગ મુખથી કહ્યું માહા, એવું મુખથી બોલ્યાં માત પા. ૩૮
તારૂ રૂપ વસ્યું હઈડા વિશે મા, હું રાખીશ મારે ઘેર પા. ૩૯
ત્યાં મોહોલ ચણાવું માણેકના મા, તેની કોઇ ન જાણે પેર. પા. ૪૦
મારે મોહેલે રાણીઓ અતિ ઘણી મા, તેમાં પટરાણી આપ પા. ૪૧
ખાઓ પીઓ ખુબીઓ કરો મા. રૂડી રાજ સરખી રીત પા. ૪૨
ત્યારે કોપ કરીને બોલીયાં મા, તારૂ પ્રગટયુ રાજા પાપ. પા. ૪૩
તારૂ રાજ જશે જડમુળથી મા, આવી મળશે તારો હોમ પા. ૪૪
પ્રેત ચેત તું અભાગીયા મા, એવું કહી પધારયાં ભોવન પા. ૪૫
પછી પુરવથી દળ આવીયું મા, ત્યાં રોપ્યો છે રણસ્થંભ પા. ૪૬
પેઠ ચલાવી પાધરી માહા, બુઠીઓ દરવાજે બંધ પાવા. ૪૭
સુરદાસે રહીને પુછીયું માહા, શું ભરયું છે માલ રસાળ પા. ૪૮
ત્યારે બુડી મારી બળ કરી મા, મોગલા દહીત પા. ૪૯
ત્યારે સળીએ વાકળોએ સત્ય મુકયું મા, તાઈ કહી પતાઈને પેર. ૫૦
જુધ મચ્યુ જેમ જોરથી મા, ત્યારે થઈ રહયો ઊતપાત પા. ૫૧
ત્યારે એવું દળ સઘળું હણ્યું મા, તે જુધ ચાલું વરસ બાર પા. ૫૨
લેઈ લશકર આગળ થયો મા, પછી ભેળાવયો ભંડાર પા. ૫૩

હી તણી નદીઓ વહી મા, ત્યાં વરત્યો હાહાકાર પાવા. ૫૪
ારે પતાઇ રાવળનું પત ગયું મા, ત્યાં જાણી જુગમાં વાત.૫૫
ારે પતાઈ મનમાં સમજીઓ મા, મુજ ઉપર કોપ્યાં માત. ૫૬
રગરતો રાજા શરણે ગયો મા, બેઉ સનમુખ જોડી હાથપા. ૫૭
જા ઉપર માતા મેહેર કરો મા, દળ સઘળું પાછું જાયપા. ૫૮
હાકાળી મનમાં એમ ધરે મા, સુબાને આપુ સુખ પા. ૫૯
ાુ અનામી રીજીઓ માહા, પતઈનું ટાળું દુખ પાવા. ૬૦
ગાય શીખેને સાંભળે માહા, તેની પુરે માતા આશ પા. ૬૧
ાું જસવંતી કાળકા માહા, ગુણ ગાય છે ગોકળદાસ પા. ૬૨

મુંબઈ સુરતની ગરબી.

સારૂ સારૂરે સુરત શેહેર મુબઇ અલબેલી,
મહી બાલાજીની મેહેર, મુંબઇ અલબેલી, ટેક.
સાત માળની મેડી ચણાવી, માંહી બેઠાં શેઠાણીરે;
ચાકર મેહેતા મજલે ચાલે, વણીયાની બઇયર રાણી. મુ૦ ૧
મુંબઇ રાણી સઉ ઠકરાણી, ભરે ન બેડે પાણીરે.
કાવડીઓ તો પાણી આણે, પીએ પાણી શેઠાણી. મુ૦ ૨
મુંબઇમાં તો કલાં સાંકળાં, કાંઠલીનો નહીં પારરે;
મુંબઇ શેહેરના શાહુકારોને, દેવાળાંની શી વાર. મુ૦ ૩
સુરતની તો સાડીઓને, ઉપર કસબી કોરરે;
મુંબાઈ શેહેરના કાપડીયાને, કોઈ માં દેશો ખોડ. મુ૦ ૪
મુંબાઈ શેહેરમાં ઘણી ગાડીયો, બગીયોનો નહીં પારરે;
સાંજ પડે ફ઼ઉ ફરવા નીસરે, વાડીલાડી લઇ બહાર. મુ૦ ૫
મુંબઈની તો મારકીટમાં, સુખડીયો વેચાયરે;

તેથી દીવનો હલવો સારો, સઉ લેવા મન ચહાય. મું૦ ૬
મુંબઈમાં તો સરવે સુખ પણ, ત્રણ પાતીનું દુખરે,
ભાડું મોઘું બળતણ મોઘું, અંદર જાવું મુખ્ય. મું૦ ૭
મુંબઇના પાન બીડામાં, સોપારીનો કડકોરે;
સાઠ વરસની ગરડી ગાડર, તોય ન મુકે લટકો. મું૦ ૮
અમદાવાદી હરામજાદી, ખંભાતી ગોઝારીરે;
વડોદરાની વાંકી નારી, સુરતની બલીહારી. મું૦ ૯

હીરાલાલનો રાસડો.

હીરાલાલ તું શીદને આવ્યો.

આવ્યો ત્યારે ઘોડલીયે બેશી, ગયો ત્યારે પડદામાં પેશી; હી.
હીરાલાલે મોચીડા દંડયા, મોચીએ જોડા વેચી દંડ ભરયારે હી.
હીરાલાલે સોનીડા ડંડયા, સોનીડે સોના ચોરી દંડ ભરયારે હી.
હીરાલાલે ઘાંચીડા દંડયા, ઘાંચીડે ઘાણી પીલી દંડ ભરયારે હી.
હીરાલાલે જોશીડા દંડયા, જોશીડે જોસ જોઈ દંડ ભરયારે હી.
હીરાલાલે વાણીયા દંડયા; વાણીયે વણજ કરી દંડ ભરયારે. હી.
હીરાલાલે બ્રામણને ડંડયા, બ્રાહ્મણે ભીખ માગી ડંડ ભરયારે. હી.
હીરાલાલે કોલીડા ડંડયા, કોલીડાએ ખાતરપાડી ડંડ ભરયારે હી.
હીરાલાલે નાગરને ડંડયા, નાગરે નોકરી કરી ડંડ ભરયારે હી.
હીરાલાલે દોશીડા ડંડયા, દોસીડે દુકાનો વેચી ડંડ ભરયારે હી.
હીરાલાલે ગાંધીડા ડંડયા, ગાંધીડે કોથળા કરી ડંડ ભરયારે હી.
હીરાલાલે દરજીડા ડંડયા, દરજીડે દોરા વેચી ડંડ ભરયારે હી.
ડંડયા ડંડયા નવ નારૂ કારૂ, ડંડ ડંડ ચારે વરણ હી.
આવ્યો ત્યારે ઘોડલીએ બેશી, ગયો ત્યારે પડદામાં પેસી હી.

દાણુ લીલા.

અલ્યા કાનજી તું ક્યારે ઘેલો થયો જો, તું તો સેનું માગે છે દાણુજો; મહીની મટુકી મારી ફુટશે જો, ગોરસની થાશે હાણુજો, ઘેલું શું બોલે ગોવાળીયાજો. ૧ અલ્યા નવ જાણીશ કોઈ બાપડી જો, કોઈ મળશે માથા ફેરી નારજો મારગ મુકીને રેહેજે વેગળોજો, મારા કંશને થાશે જાણુજો. ઘેલું. ૨ તારો કંશ કયુંધી નર શું કરેજો, મારા સંગે છે સઘળો સાથજો; અલી દહાડી તે દાણુ ચોરી જતીજો, ઘણે દહાડે આવી હાથજો, ઓછી તું જાત આહીરનીજો. ૩ અલ્યા હાથની તે હોંશ રખે રાખતોજો, હાથે ચારી જાણે છે ગાયજો; પાલવ મુકીને રહે વેગળોજો; મારી વરજમાં થાશે જાણુજો. ઘે. ૪ અલી વરજમા વશીને વેર વાળશુંજો, રખે રાખતી હઈઆમાં હામજો; નંદજીના નામ પ્રતાપથીજો, હું તો છેદુ તારા કંસનો ઠામજો. ઓછી. ૫ અલ્યા કંસે કરયું તે કેમ વીસરેજો, ભાઈ હણ્યા પોતાના તાંહાંયજો; નાશીને છુપો લાડકાજો, આવી ઉગરયો છે વરજ માંયજો. ઘે. ૬ વળી વરજમાં વશીને વેર વાળશુંજો, તું તો જોજે અમારાં કામજો; અવનીનો ભાર ઉતારવોજો, ધરયું નંદકુંવર ઘેર નામજો. ઓછી. ૭ અલ્યા સાચુ કેહેતામાં દુખ લાગશેજો, પેટ માટે ચારો છો ગાયજો, તું આવડો મોટો એમાં થયોજો, તુને કોઈએ ન આપી કંન્યાયજો. ઘે. ૮ અલી આહીરની કન્યા અમો શું કરંજો, અમો સદાય કેહેવાય બ્રહ્મચારજો, રખે પડછાયો પાડતીજો,

તુંતો પામળીની ઓડનારજો. ઓ૦૯ અસ્યા ટકાની મારી શેઅડીજો, હીરા જડીત્ર મારોછે હારજો; આછી પટોળીમા રે પેરણેજો, તુંતો કામળીનો ઓઢનારજો. ઘે૦ ૧૦ જેના બારમાએ તાણો તાણીયોજો, એનો શંકર સરખો વણનાર જો; તેરે ઓઢણુ મારે કામળીજો, તેનો શેશ ન પામે પા રજો. ઓ૦ ૧૧ આવ્યા શેશના સરખુ તન તાહરુંજો, આ મો ચંપક વણુણી નારજો; અસ્યા કાચા કનકને વેર વા રયુંજો, તુંતો પસુતણો પીંટારજો, ઘે૦ ૧૨ તું શાને ની સરી મહી વેચવાજો, અમી બેશો રેહેજે ઘરમાંયજો, દો- લત ઘણીછે તારા બાપનેજો, તું શાને અહી આયજો; ઓ૦ ૧૩ આવે સદા વાટ મહી વેચતાંજો, જઇ પુછો જસોદા માયરે, બાંધી મુકી સવાલાખનીજો ઉઘાડીએ તો પત જા યજો. ૧૪ અમી ઘણી ઇછા મહી ચાખવાજો, મીઠી મેળ વણીનો સ્વાદજો,શીકું પડશેતો પાછું આપીશુંજો, તું શાને કરે વીવાદજો, ઓ૦ ૧૫ અમા ગોરસ કેરું દાણુ ગણુંજો જેટલું પીઓ એટલું પાયજો, વચને વેર વધ્યું ઘણુંજો. કદી મન મેળાવો થાકજો, અમે દાણુને ગણીશું દુલીએ જો, તુંતો ઘણી દીસેછે રીસાળજો, હસીને તાળી લે હાથ માંજો, તુંતો પ્રીત ધરીને રસ આલજો. ઓ૦ ૧૭ અલા માગ્યા મુકતાફળ પામીઓજો, હઠ કરે કાંઇ નહી એકજો. લાજ નહી તને લાડકાજો; મન આગુન કાંઇ વીવેકજો. ઘે૦ ૧૮ અલી વીવેક ઘણો છે મન માહરેજો, જવા ન- હી દઉ નીરધારજો, આપા વીના કેમ છુટશોજો. તારા મ

નશું તું વીચારજો. ઘે૦ ૧૯ તારા મનનો વીચાર મેં જા ણીઓજો, હઠ શાને કરોછો હાથજો, મનમાં મન મળી ગ યુંજો, જેમ સાકર ભેળી દુધ માંયજો. ઘે૦ ૨૦ મીઠાં વ ચન તારાં માનુનીજો, સાકર સરખા બોલજો, પ્રીતનો બી ધો તુજ પાસેછુંજો, આપુ તમોને કોલજો, ઘે૦ ૨૧ રાઢ ભાગીને રસ વાગીયોજો, ગોવાલણી લાગી પાયજો, નંદ જીના કુંવર કૃપાળનેજો, ઉલટ અંગે તે ન માયજો, ઘે૦ ૨૨ જો કોઈ ગાય શીખેને સાંભળેજો, તે ફરી ન આવેગ રભ વાસજો, દાણલીલા દીનાનાથનીજો, ગુણ ગાય રતની ઓ દાસજો; ઘેહેલું. ૨૩.

સ્ત્રિયોને લગનમાં ગાવાનાં ગ.તો.

ભમરા પેહેલો વધાવો મારે આવીયો,
મેંતો મોકલ્યો મારા દાદાને દરબારરે;
વાડીના ભમરા દ્રાક્ષ મોહારે ચાંપાનેરની,
મારી માતાએ હરખે વધાવીઓ.
મારા દાદાએ ઝાલ્યા પાલવ છેડારે; વાડીના
ભમરા બીજો વધાવો મારે આવીયો,
મેંતો મોકલ્યો મારા મામાને દરબારરે; વાડીના
મારી મામીએ હરખે વધાવીઓ;
મારા મામાએ ઝાલા પાલવ છેડારે. વાડીના

ગીત ૨ જું

આણી તેડરે ગંગારે પેલી તેડે જુમનારે વચમાં સરસ્વતી નદી વેહેછે
સોના ધડુલોરે રૂપલા ઉઢાણુ શીતાવેલ પાણીડાં સંચરયારે;

રાસડી ના પોહોચેરે, ધડુલો ના ડુબેરે; કુવાને કાંઠે ઊભાં રહયારે;
સોનાની ગેડીરે, રૂપલા દડુલોરે, રામચંદ્ર રમવા સંચર્યા.
કોણ રાયની બેટીરે, કોણ તારૂં નામરે, કઈરે નગરીની ગરાશણી
કોણ રાયનો બેટોરે, કોણ તારૂં નામરે, કઈરે નગરીનો ગરાશીયો.
દશરથનો બેટોરે, રામચંદ્ર નામરે, અજોધા નગરીનો ગરાશીયો
જનકની બેટીરે, સીતાવેલ નામરે, હજીએછું બાળ કુંવારડી
પાનના બીડાંરે, સાત સોપારીરે, લગન નીરધારી વેલા આવજો.

ગીત ૩જું

જીરે આજ મેંતો અડદા પરવત નોતરયા, અડદા તમેતો
મારે પાપડ વણવા જોગ મારે સજન મેળાવો જો મળો.
જીરે આજ મેંતો ચોળા પરવત નોતરયારે, ચોળા તમેતો
મારે વડીયો મુકવા જોગ, મારે સજન મેળાવો જો મળો.

ગીત ૪થું.

પીઠી પીઠી ચોળો પીતરાણી, પેહેલી પીઠી ચડશેરે મારા
જીયાવરને ઊતરતી ને ચડશે પેલી છોડીને, પાકાં તેલ ચડ
શેરે મારા જીયા. કાચાં તેલ ચડશેરે પેલી છોડીને પડતી
ફરી ખાશેરે મારા જીયાવરને ગોટલો ચુસસેરે પેલી છોડી

ગીત ૫મું

લાડણો પાન ચાવેને રસ ઢોળે, લાડણો વળી વળી પાછું જુએ
જાણે મારા બાપા સાથે આવે, જાણે મારા સસરાનો રંગ રાખે
લાડણો પાન ચાવેને રસ ઢોળે, લાડણો વળી વળી પાછું જુએ
જાણે મારી માડી સાથે આવે, જાણે મારી સાસુનો રંગ રાખે

ગીત ૬ઠું

તાંબા કુંડી તે નગર સોહામણી, મહી ભરાયારે ગવરીનાં ઘી
સાહેલીનો આંબો મોરીઓ ટેક
મારા ફીયા ભાઈના વાજીંત્ર વાગીયાં. મારા મગનભાઇનાં
વાજીંતર વાગીયાં પેલા વેવાઇનારે પડયાં નીશાન સાહેલી
મારા ફીયા ભાઈની મેડીએ દીવા બળે;મારા મગનભાઈની
મેડીએ દીવા બળે; પેલા વેવઈને ઘેર ઘોર અંધારૂ સાહેલી. ઇ.

ગીત ૭ મું

મારી ઉંઘણ વેવાણ જાગરે, તારા ઘર પછવાડે થઈ રહ્યો સોરરે
મારા પગ સુણીને થયા થાંભલા, પેલી વેવાણને લઇ ગયા જાગલાં
ડાબે ખુણે ડામચીયો ડોલેરે, તયાં તો બાલો બીલારો બોલેરે;
બાલો કહે બીલારો થાઉ, બાજઠ તળે પેશી જાઉ.
હાંલીઓ કંસાર ખાતો જાઉ. નહી તો ઘરનો ઉદર થઉ.

ગીત ૮ મું.

એના ઘર પછવાડે ઇટરે, એને દીકરી જણાની રીતરે;
એના ઘર પછવાડે બાવળીયો; એને દીકરી જણાનો વાવલીયો ઇ.

ગીત ૯ મું.

હળવે પુંએરે મોટા તોપા, બાળા વરને વાગેછે સાઠી ચોખા.
રવઈયો રે રવઈયો વર પોખે તે ભવઈયો;
અલ્યાડીરે અલ્યાડી વર પુખે તે બલાડી. ઇતીયાદી.

ગીત ૧૦ મુ

લાડો તો કુચે કુચે મંડયોરે. લાડીને કંસાર નવ ભાવેરે;
લાડો તો દુકાળમાંથી અવ્યોરે; લાડી તો સુકાળમાંથીઆવીરે

ગીત ૧૧ મું.

લાડો લાડી જમેરે કંસાર, કે ઉપર વેવઇ ટળવળેરે;
દીકરી મને આંગળડી ચટાડ, કે કંસાર કેવો ગળ્યો લાગેરે,
સોળ વરસના સોમઈયાને ફેરા ફરતાં નાવડ્યારે,
આટલી સરખી નહાની બેનને ફેરા ફરતાંઆવડયારે.

ગીત ૧૨ મું.

એક ઝારા ઊપર ઝારીરે, એતો લાડી થઈ અમારીરે;
એતો અમારાં કહયાં કરશેરે, પેલી વેવાણુના બોલ પુઠે ધરશેરે.

ગીત ૧૩ મું.

એક ટકાનાં પાન મંગાવોરે, પેલી વેવાણુના દાંત રંગાવોરે;
એના દાંત કાળાને પોઠ રાતા, છીનાળ વહુ મેલો પાતળના ચાળારે
એને ગોળ લાગે છે ગળીયોરે, અને જોઇએ અંગરેજ બળીયો.છી૦
એને માંથે છે કાચની કુંડીરે એને આવી ઇંગરેજની હુંડીરેછી૦

ગીત ૧૪ મું.

સાવણુ નદીએ આવ્યાં પુર ભાગો રૂશણુંરે; પેલો વેવાઇ તણાયો જાય ભાગો રૂશણુંરે; મુકુ તો ધરબોળ જાય ભાગો રૂશણુંરે; બાંધુ તો બંધાઈ જાય ભાગો રૂશણુંરે; તાણું તો ટુટી જાય ભાગો રૂશણુંરે.

ગીત ૧૫ મું.

થાળીમાં પરવાળું નાચે ભમરારે, વેવાઇની તો બઈરી નાચે ભ૦
જાડી છેતો ભલી નાચે ભમરારે થાળીમાં પરવાળું નાચે ભ૦

ગીત ૧૬ મું.

ઊંચે ઠામે ઘંટી કેસર જાનીરે, લોટ પડે ફરરુલી કેસર જાનીરે,
લોટે લોટે થુલુ કેસર જાનીરે, વેવઈની આંખમાં ફુલુ કેસરુ,

એ ફુલુ કેમ મટશે કેસર જાનીરે, ઊનાળુ ઓગળશે કેસર૦ બીજી આંખમાં પડશે કેસર જાનીરે.

ગીત ૧૭ મું.

તને કેણે કહ્યુ તું બોલ ઘાંચી મોચીનારે; હવે નહી બોલુરે જીજી. નાક વઢાયું જીજી. ચુના ચોપડયા જીજી. જખ મેં મારીરે જીજી. ભુલ કીધીરે જીજી. ૪૦

ગીત ૧૮ મું.

સોનાનું સળેકડું ને વાયે ઉડયું જાય જો;
વેવાઇ તારૂ નાક કપાયું જાન ભુખી જાય જો. ૪૦

ગીત ૧૯ મું.

આવ્યા ઉનાળાના દંનકે, છોડી વેઝણુરલો સે ન લાવી;
તારો બાપ ઘરાણે મેલકે, છોડી વીઝણુરલો શે ન લાવી ૧
આવ્યા ઉનહાળાના દંનકે, છોડી વીઝરલો શે ન લાવી;
તારી માને ઘરાણે મેલકે; છોડી વીઝણુલો શે ન લાવી. ૪૦

ગીત ૨૦ મું.

અમે ઇંડરીએ ગઢ જીત્યારે આનંદ ભયો;
લોક હેસે કીયા ભાઈ જુઠારે આનંદ ભયો;
એતો દીકરી પરણાવીને ઉઠારે આનંદ ભયો;
લોક કેહેશે કીયા ભાઈ સાચારે આનંદ ભયો,
એતો દીકરી પરણાવીને નાચારે આનંદ ભયો.

ગીત ૨૧ મું.

ડંકો વાગ્યોને લશકર ઉપડયું ઝરમરીયા ઝાલા; આવી છે અમદાવાદની ફોજરે ઝરમરીયા ઝાલા; ઘેરયું છે ઘોઘા ગા-

મર્ફ. ઝરમલીયાઝાલા. ગીત ૨૨ મું.

પંટલા દોરે પાટલા દો, પાટલા ન હોય તો. સુતારીને જાએ સુતારોની બઇયરો પાટલા દો. ઈત્યા દિ.

ગીત ૨૩ મું.

છઇયા હાથ પરોરે લેજોરે, મારૂ માણેક મે થાશેરે, મારૂ રતન રજે ભરાશે, છઇયા તારો તે હાથ ય ભરયો, મારી લાડકવાઈનો હાથ હીરે જડયો.

ગીત ૨૪ મું.

એક લીલી તે લીલી લીલડી, એક લીલીનાં જડીત્ર પલાણરે, જગલીલડી. એક અમદાવાદ ગાંમને ગાંદ : મારી જાનનાં થયાંરે ઘમસાણુરે જગ લીલડી, મારા સોય ઘોડા ને બચે હાથીયા મારા હાથી દેખીને વેવાઇ બી ગયો, મારી કેમ કરી રેશે લાજરે જગ લીલડી, મારા કીયા ભાઈએ સાનમાં સમજાવીયા. મારા મગનભાઈએ સાનમાં સમજાવીવા, તમારી અલેરી રાખીશું લાજરે જગ લીલડી.

ગીત ૨૫ મું.

લાડે આવી પાડી આપી, જાનઈયાની માડી આપી; તોયે લડધા માંડવા હેઠેરે. ગીત ૨૬ મું.

અમે આવ્યાં તાં રંગ ભેર રમવારે અમે આવ્યાં ત્યાં રૂખી વહુને લેવારે; અમે આવ્યાં તાં રૂખી વહુને જોવારે. એને જોયામાં શું જોશોરે. ગીત ૨૭ મું.

મારાં ડાહલાંરે ગાંડાં કેમરે વેદાય, મારા ફુલચંદ ડાહયા,

મારો મોતીલાલ ડાહ્યા, મારા હીમતલાલરે સાડા સાત ડાહ્યા મારા ડાહ્લારે ગાડા કેમરે વેઠાય, પેલો હીરો ગાંડોપેલો વેવાઈ ગાંડો પેલો માણેકો અધાધુમ ગાંડો. ગીત ૨૯ મું. આવ્યો તો ચળેટાનો ચોર લાખેણી લાડી લેઈ ગયોરે. આવ્યોતો નગર ધુતારો લાખેણી લાડી લેઈ ગયોરે, આવ્યોતો છાનાળાનો છઇયો લાખેણી લાડ લેઈ ગયોરે ગીત ૩૦ મુ. પાણીમાંનો રથ બોલે બોલરે જમાઈડા તારી માડી પટીયા પાડે મારો બાપ કાઢો લાવે બોલરે. પાણીમાંનો રથ બોલે બોલરે જમાઇડા તારી કાકી પટીયા પાડે મારો કાકો કઢી લાવે બોલરે જમાઇડા.

સલામ.

અમે અમારે ઘેર જઈએ બાઈ રામ રામ છે,
આ બોલ્યુ ચાલ્યું માફ બીજુ શું કહીએ,
આ કાગળ હોય તો વાંચીએરે ભઈ રામ રામ છે.
આ હરી ગુણ વાંચ્યા ન જાય બીજુ શું કહીયે.
આ કુવે હોય તો ગાળીએરે બાઇ રામ રામ છે;
આ સમુદ્ર ગાળ્યો ન જાય બીજુ શું કહીએ.
આ ગાનારીને ધચોળાં બાઈ રામ રામ છે.
આ ઝીલનારીને ચીર બીજુ શું કહીયે
આ સાંભળનારને શાલજોડા બાઇ રામ રામ છે.
પેલા ઊંઘતાને બે લત બીજું શું કહીયે.
પેલા ઊભાને સલામ બાઇ રામ રામ છે;
પેલા સુતાના ફુટ્યા કાન બીજું શું કહીયે.
આ સલામ કોઈ ગાશેરે ભઇ રામ રામ છે,
તેનાં મન રંજન ફળ થાશે બીજુ શું કહીએ.

સમાપ્ત.

जा[illegible]र खब[illegible]

આ ચોપડી શીવાય બીજી ઘણી જાતના ફાયદાઓ તથા સદેવંતશાવલીઆ તથા ગજરા મારૂ સીમનરંજક ગરબાવળી તથા દોલચમન વગેરે પુસ્તકો જથાબંધ રાખનારને ઘણો ફાય-દો થશે માટે અમને મળવું.

जोशी [illegible] केशवरा[illegible]

[અમદાવાદ સમાચાર] છાપખા-
નાના મેનેજર.